# કોઈ બાબત વિચારણામાં લેવામાં આવે તેવો પ્રસ્તાવ અથવા નિયમ–૧૦૨ અન્વયેના પ્રસ્તાવ સંબંધમાં રીત

**સભ્યશ્રી** :– માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે,......

ગુજરાતમાં "સામાજિક ન્યાય" માટે "જાતિ આધારિત વસ્તી ગણતરી" અનિવાર્ય બની ગઈ છે.

રાજ્યમાં દિનપ્રતિદિન સામાજિક–આર્થિક અસમાનતા અને જાતિ આધારિત ભેદભાવ વધી રહ્યા છે, જે આપણા સૌના માટે ચિંતાનો વિષય છે. ચોક્કસ વર્ગ–વિસ્તારને વિકાસના મહત્તમ લાભ મળી રહ્યા છે. રાજ્યમાં સરકારી–સહકારી સંસ્થાઓમાં નોકરીઓ, ઉદ્યોગો, શૈક્ષણિક સંસ્થાઓ અને સંશાધનો બજેટમાં સમાન ભાગીદારી જોવા મળતી નથી અને અસમાનતા સ્પષ્ટ દેખાઈ આવે છે.

રાજ્યના લોકો, જાતિ–સમુહો વચ્ચેની આર્થિક, શૈક્ષણિક અને સામાજિક અસમાનતા દૂર કરવા જાતિઓ વચ્ચેની સામાજિક અસમાનતા ઓળખવી જરૂરી છે. વંચિત જાતિઓ/સમુહોની ઓળખ થશે તો રાજ્યની નીતિ નિર્ધારિત, સંશાધનોનું ન્યાયિક વિતરણ અને યોજનાઓ બનાવવામાં મદદરૂપ થશે.

રાજ્યમાં જાતિ આધારિત વસ્તી ગણતરી વગર સંશાધનોનું ન્યાયિક/સમાન વિતરણ શક્ય નથી.

રાજ્યમાં ચોક્કસ જાતિ/સમુહની વસ્તી વર્તમાન આર્થિક–શૈક્ષણિક સ્થિતિના આંકડા/વિગતો ન હોવાને કારણે ફકત SC/ST/OBC અનામત વ્યવસ્થાને આધારે, અનામત

નીતિથી આ જાતિઓમાં સામાજિક–આર્થિક પરિસ્થિતિમાં કેટલું સકારાત્મક કે નકારાત્મક પરિવર્તન આવ્યું તે જાણી શકાતું નથી.

જાતિ વસ્તી ગણતરીથી રાજ્યની પ્રવર્તમાન નીતિઓ–યોજનાઓના પાલન અને તેના પરિણામોની સાચી માહિતી મળશે. જાતિ ગણતરીના આંકડાઓની રાજ્યના નીતિ નિર્માતાઓએ વર્તમાન નીતિઓ–બજેટમાં શું સુધારો કરવો તે પણ જાણી શકાશે અને સમાજનું સાચું ચિત્ર ઉભરી આવશે.

સ્વતંત્ર ભારતની ૧૯૫૧ થી ૨૦૧૧ દરેક વસ્તી ગણતરીમાં અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની ગણતરી/ડેટા/આંકડા એકઠા કરવામાં આવે છે, પરંતુ અન્ય પછાત વર્ગ અને અન્ય જાતિઓના આંકડા એકઠા કરવામાં આવતા નથી.

ગ્રામ્ય અને શહેરી ક્ષેત્રના પરિવારોની આર્થિક સ્થિતિના આંકડા મેળવવા તથા પછાતપણાના સૂચકોની ઓળખ મેળવવી પણ જરૂરી છે.

વસ્તી ગણતરી રાજ્યની વસ્તીનું સામાન્ય ચિત્ર આપે છે, જ્યારે સામાજિક–આર્થિક જાતિ ગણતરીથી રાજ્યની સહાયતા ઈચ્છતા/આધારીત સામાજિક સમુહો/જાતિ સમુહોને નિર્ધારીત કરવામાં ઉપયોગી બને છે.

રાજ્યમાં સામાજિક–શૈક્ષણિક–આર્થિક અસમાનતા દૂર થાય, વંચિત જાતિ–સમુહોને વિકાસના મુળ પ્રવાહમાં ભાગીદાર બનાવી શકાય, જાતિ ગણતરીના આંકડાને આધારે રાજ્યની નીતિ–બજેટ આયોજનોમાં જરૂરી સુધારા કરવા રાજ્યના અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગ, લઘુમતી સમાજોની લાગણી–માંગણીને ધ્યાનમાં લઈ

સરકાર જાતિ આધારીત વસ્તી ગણતરી કરાવે તે જરૂરી છે.

નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા પણ અન્ય પછાત વર્ગને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓમાં અનામત બેઠકો ફાળવવા સંદર્ભે રાજ્યોને અન્ય પછાત વર્ગોની ગણતરી કરવા ભલામણો કરેલ છે.

"जिसकी जितनी संख्या भारी, उसकी उतनी हिस्सेदारी।"

વર્ષ ૨૦૨૨માં નામદાર સુપ્રિમ કોર્ટે આર્થિક રીતે પછાત (EWS)ને ૧૦% અનામતને માન્યતા આપી છે. EWS અનામતને બંધારણીય સમર્થન આપવા માટે જાતિ ગણતરીમાં અન્ય પછાત વર્ગોની સાથે ઉચ્ચ જાતિ, વર્ગોની ગણતરી કરવી પણ જરૂરી બને છે.

"Collection of Statistics Act-2008" મુજબ રાજ્ય સરકારને જરૂરી ગણતરી કરી આંકડા એકઠા કરવાની સત્તા હોઈ રાજ્ય સરકાર સત્વરે "સામાજિક–આર્થિક ગણતરી" કરાવે તે માટે આ સભાગૃહ ચર્ચા વિચારણા કરે.

**અધ્યક્ષશ્રી** :– પ્રસ્તાવ રજૂ થાય છે.

**અધ્યક્ષશ્રી** :– **હવે ચર્ચા પૂરી થાય છે.**